



# Assi.Prof.Mayaram K.Patel

**( Depertment of Sanskrit )**

**Government Arts College,Sector-15,Gandhinagar.**


## B.A. Semester – IV, Sanskrit- Paper- C.C.& E.C- 211

## ( रत्नावली )

### અભ્યાસલક્ષી વિગતો.

આ પેપરમાં હર્ષદેવ ( હર્ષવર્ધન) રચિત ‘ રત્નાવલી’ નાટિકા નક્કી થયેલ છે. જે દ્વિતીય વર્ષના ચોથા સેનિસ્ટરના સંસ્કૃત મુખ્ય તેમજ ગૌણ વિષયના વિદ્યાર્થીઓને લાગુ પડે છે. પરીક્ષામાં વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવી કેટલીક વિગતો અંહિયા આપવામાં આવી છે.ખાસ

કરીને હેતુલક્ષી પ્રશ્નો, ખાલી જગ્યાઓ તેમજ જોડકા કેવા પ્રકારના પૂછાઈ શકે ? વિદ્યાર્થીઓની આ મૂંઝવણને દૂર કરવાનો આ પ્રયત્ન છે.

### ટૂંકા પ્રશ્નો.

(૧) 'રત્નાવલી' નાં કર્તા( રચયિતા) કોણ છે ?

ઉત્તર – હર્ષદેવ ( હર્ષવર્ધન)

(૨) 'રત્નાવલી' નો સાહિત્ય પ્રકાર જણાવો.

ઉત્તર – 'નાટિકા'.

(૩) ઉપરૂપકો કેટલા પ્રકારના છે ?

ઉત્તર - અઢાર.

(૪) હર્ષદેવ રચિત નાટકનું નામ શું છે ?

ઉત્તર – ' નાગાનન્દ '

(૫) કવિ હર્ષવર્ધનનો સમય જણાવો.

ઉત્તર – ઈ.સ. ૬૦૬ થી ઈ.સ.૬૪૮.

(૬) સમ્રાટહર્ષવર્ધનના મોટાભાઈનું નામ શું હતું ?

ઉત્તર – ' રાજ્યવર્ધન'.

(૭) સમ્રાટહર્ષવર્ધનની બહેનનું નામ શું હતું ?

ઉત્તર – રાજ્યશ્રી.

(૮) હર્ષવર્ધને કેટલી કૃતિઓની રચના કરી છે? કઈ કઈ ?

ઉત્તર – ત્રણ – રત્નાવલી, પ્રયદર્શિકા અને નાગાનંદ.

(૯) ' રત્નાવલી ' નાટિકામાં કુલ કેટલા અંકો છે ?

ઉત્તર ચાર.

(૧૦) ‘ રત્નાવલી ’ નાટિકાના પ્રથમ અંકનું નામ શું છે ?

ઉત્તર મદનમહોત્સવ.

(૧૧) ‘ રત્નાવલી ’ નાટિકાના બીજા અંકનું નામ શું છે ?

ઉત્તર કદલીગૃહ.

(૧૨) ‘ રત્નાવલી ’ નાટિકાના ત્રીજા અંકનું નામ શું છે ?

ઉત્તર સંકેત.

(૧૩) ‘ રત્નાવલી ’ નાટિકાના ચોથા અંકનું નામ શું છે ?

ઉત્તર ઐન્દ્રજાલિક.

(૧૪) હર્ષવર્ધને કુલ કેટલી નાટિકાઓની રચના કરી છે ? કઈ કઈ ?

ઉત્તર બે રત્નાવલી અને પ્રયદર્શિકા.

(૧૫) ‘रत्नावली’ નાટિકાનો નાયક કોણ છે ?

ઉત્તર વત્સદેશનો રાજા ઉદયન.

(૧૬) ‘रत्नावली’ નાટિકાની નાયિકા કોણ છે ?

ઉત્તર સિંહલદેશની રાજકુમારી રત્નાવલી.

(૧૭) રાજા ઉદયનનો વફાદાર મંત્રી કોણ છે ?

ઉત્તર યૌગંધરાયણ.

(૧૮) ‘रत्नावली’ નાટિકાના મંગલ શ્લોકમાં કોની સ્તુતિ થયેલી છે ?

ઉત્તર માતા પાર્વતીની.

(૧૯) ‘रत्नावली’ નાટિકામાં મંત્રી યૌગંધરાયણ કઈ ગુપ્ત યોજના બનાવે છે ?

ઉત્તર   સિંહલદેશની રાજકુમારી રત્નાવલીના ,રાજા ઉદયન સાથે લગ્નની.

(૨૦) સિંહલદેશથી સમુદ્રમાર્ગે આવતા રત્નાવલીનું શું થાય છે ?

ઉત્તર   જહાજને અકસ્માત થાય છે,રત્નાવલીને કૌશામ્બીના વેપારીએ બચાવીને વાસવદત્તાને સોંપે છે.

(૨૧) રત્નાવલી, ઉદયનના રાણીવાસમાં ક્યા નામે રહે છે ?

ઉત્તર   વાસવદત્તાની દાસી ‘ સાગરિકા ’નામે.

(૨૨) સમુદ્રમાર્ગે આવતા રત્નાવલીની સાથે બીજા કોણ હતાં ?

ઉત્તર   કંચુકી બ્રાભવ્ય અને મંત્રી વસુભૂતિ.

(૨૩) ‘रत्नावली’ના પ્રથમ અંકમાં નગરજનો કયો ઉત્સવ મનાવી રહ્યાં છે ?

ઉત્તર   મદનમહોત્સવ.

(૨૪) રાણી વાસવદત્તા ભગવાન કામદેવનું પૂજન ક્યાં કરે છે ?

ઉત્તર   મકરન્દ ઉદ્યાનમાં રાતા અશોકવૃક્ષની નીચે.

(૨૫) સાગરિકા, રાજા ઉદયનને શું માની લે છે ?

ઉત્તર   સાક્ષાત્ ભગવાન કામદેવ.

(૨૬) ઉદયનને અકાળે ફુલો ખીલવવાની વિદ્યા કોણ શીખવે છે ?

ઉત્તર   શ્રીખંડદાસ.

(૨૭) શ્રીખંડદાસ ક્યાંથી આવેલ છે ?

ઉત્તર   શ્રીપર્વતથી ( શ્રીશૈલથી)

(૨૮) સાગરિકા કોનું ચિત્ર દોરે છે ?

ઉત્તર – રાજા ઉદયનનું.

(૨૯) સુસંગતા,સાગરિકાએ દોરેલા ઉદયનના ચિત્રની બાજુમાં કોનું ચિત્ર દોરે છે ?

ઉત્તર  સાગરિકાનું.

(૩૦) 'रत्नावली' નાટિકામાં આવતી સારિકા શું છે ? તેની વિશેષતા શું છે ?

ઉત્તર  સારિકાએ પોપટી છે.તે મનુષ્યવાણીમાં બોલે છે અને મનુષ્યોની વાણીની નકલ પણ કરે છે.

(૩૧) સારિકાના પાંજરાનું બારણું કોણ ખોલી દે છે ?

ઉત્તર  વાંદરો.

(૩૨) કોઈ સ્ત્રી પોતાના પ્રેમમાં છે એ ઉદયનને કેવી રીતે ખબર પડે છે ?

ઉત્તર  સારિકાના બોલવાનાં અર્થઘટન ઉપરથી.

(૩૩) સારિકાના અવાજને વિદૂષક શું માની લે છે ?

ઉત્તર  ભૂત.

(૩૪) રાજા ઉદયનની વેલીનું નામ શું છે ?

ઉત્તર  નવમાલિકા.

(૩૫) રાણી વાસવદત્તાની વેલીનું નામ શું છે ?

ઉત્તર  માધવીલતા.

(૩૬) વિદૂષક તથા સુસંગતાની વાતો છૂપાઈને કોણ સાંભળે છે ?

ઉત્તર  વાસવદત્તાની વિશ્વાસુ દાસી કાંચનમાલા.

(૩૭) વિદૂષક તથા સુસંગતા કઈ ગુપ્ત યોજના બનાવે છે ?

ઉત્તર  ઉદયન – સાગરિકાના મિલનની.

(૩૮) વિદૂષક  સુસંગતાની  ગુપ્ત યોજના મુજબ સાગરિકાએ કોનો વેશ લેવાનો છે ?

ઉત્તર  રાણી વાસવદત્તાનો.

(૩૯) વિદૂષક   સુસંગતાની ગુપ્ત યોજના મુજબ સુસંગતાએ કોનો વેશ લેવાનો છે ?

ઉત્તર  . વાસવદત્તાની વિશ્વાસુ દાસી કાંચનમાલાનો.

(૪૦) વિદૂષક   સુસંગતાની ગુપ્ત યોજના મુજબ ઉદયન   સાગરિકાએ ક્યાં મળવાનું છે ?

ઉત્તર  માધવીલતામંડપમાં.

(૪૧) વિદૂષક   સુસંગતાની ગુપ્ત યોજનાની જાણ વાસવદત્તાને કોણ કરે છે ?

ઉત્તર  વાસવદત્તાની વિશ્વાસુ દાસી કાંચનમાલા.

(૪૨)  સાગરિકા આત્મહત્યાનો પ્રયત્ન શા માટે કરે છે ?

ઉત્તર  રાજા ઉદયન સાથેના પોતાના પ્રેમની જાણ રાણી વાસવદત્તાને થઈ ગઈ છે તેથી.

(૪૩) વાસવદત્તાના વેશમાં ગળે ફાંસો ખાતી સાગરિકાને કોણ બચાવે છે ?

ઉત્તર  વિદૂષક અને રાજા ઉદયન તેને વાસવદત્તા માનીને બચાવે છે.

(૪૪) વાસવદત્તાના વેશમાં રહેલી સાગરિકા અને ઉદયનને પ્રેમાલાપ કરતા કોણ જોઈ જાય છે ?

ઉત્તર  રાણી વાસવદત્તા પોતે.

(૪૫) સાગરિકાને પ્રેમ કરતા પકડાઈ ગયેલ ઉદયન સ્વબચાવમાં વાસવદત્તાને શું કહે છે ?

ઉત્તર  વેશપરિવર્તનથી થયેલ ભૂલું બહાનું બતાવે છે.

(૪૬) ઉદયન – સાગરિકાના પ્રેમને પ્રત્યક્ષ જોઈને ક્રોધિત વાસવદત્તા શું કરે છે ?

ઉત્તર  સાગરિકા અને વિદૂષક બન્નેને બાંધીને લઈ જાય છે.

(૪૭) રાજા ઉદયનની વિનંતીથી વાસવદત્તા કોને મુક્ત કરે છે ?

ઉત્તર  રાજાનાં મિત્ર વિદૂષકને.

(૪૮) સાગરિકા પોતાની રત્નમાલા કોને આપે છે ? શા માટે ?

ઉત્તર  સુસંગતાને.પોતાનાં જીવન વિશે જ શંકા હોવાથી કોઈ બ્રાહ્મણને દાનમાં આપવા માટે.

(૪૯) સુસંગતા,સાગરિકાએ આપેલી રત્નમાલા કોને આપે છે ?

ઉત્તર  વિદૂષકને.

(૫૦) વિદૂષક રત્નમાલાને શા માટે સ્વીકારે છે ?

ઉત્તર  રાજાના હિતની દ્રષ્ટિનો વિચાર કરીને.

(૫૧) કોસલ રાજ્ય ઉપર વિજય મેળવ્યાનો સંદેશો કોણ લાવે છે ?

ઉત્તર  વિજયવર્મા.

(૫૨) વિજયવર્મા કોણ છે ?

ઉત્તર – રુમણ્વાનનો ભાણેજ.

(૫૩) જાદુગર આવ્યાના સમાચાર કોણ લાવે છે ?

ઉત્તર – કાંચનમાલા.

(૫૪) જાદુગરનું નામ શું છે?

ઉત્તર – શંબરસિદ્ધિ.

(૫૫) વાસવદત્તાનાં મામાનો પ્રધાનમંત્રી કોણ છે ?

ઉત્તર – વસુભૂતિ.

(૫૬) અંતઃપુરમાં કઈ મોટી દુર્ઘટના બનેલી જણાય છે ?

ઉત્તર – આગ લાગ્યાની.

(૫૭) વાસવદત્તાએ સાગરિકાને ક્યાં કેદ કરી હતી ?

ઉત્તર – અંતઃપુરના ઊંડાણમાં ક્યાંક.

(૫૮) સાગરિકાને બચાવવાનું વાસવદત્તા કોને કહે છે ?

ઉત્તર – રાજા ઉદયનને.

(૫૯) આગમાંથી સાગરિકાને કોણ બચાવે છે ?

ઉત્તર – રાજા ઉદયન.

(૬૦) આગ એકાએક અદૃશ્ય કેમ થઈ જાય છે ?

ઉત્તર – કારણકે એ તો જાદુગરની માયાજાળ હતી.

(૬૧) સાગરિકાને મૂળરૂપે( રત્નાવલીરૂપે) કોણ ઓળખીલે છે ?

ઉત્તર – સિંહલદેશનો મંત્રી વસુભૂતિ.

(૬૨) વાસવદત્તા,ઉદયન – સાગરિકાનાં લગ્નની સંમતિ શા માટે આપે  છે ?

ઉત્તર – કારણકે સાગરિકા પોતાનાં મામાની દીકરી બહેન રત્નાવલી જ છે તેથી.

(૬૩) ઉદયન કથાનું સર્વ પ્રથમ નિરૂપણ કરનાર પ્રાચીન પૈશાચીભાષાનાં ગ્રંથનું નામ શું છે ?

ઉત્તર – બૃહત્કથા.

(૬૪) બૃહત્કથાનાં રચયિતા કોણ હતાં ?

ઉત્તર – ગુણાઢ્ય.

(૬૫) દક્ષિણ નાયક એટલે શું છે ?

ઉત્તર – નાયક પોતાની પ્રિયતમાને પ્રેમ કરે છતા પોતાની પત્નીઓને પણ પ્રેમ કરે,તેમને ખુશ કરવા તેમના પગમાં પણ પડે છે.આવા પ્રકારનાં નાયકને સંસ્કૃત રૂપકોમાં દક્ષિણ નાયક કહે છે.

## નીચેના જોડકા જોડોઃ

## Join the Following pairs:

(1) कुसुमचापः ---------------(A) आशीर्नमस्क्रियारूपः श्लोकः ।

(2) वैतालिकः (B) કૃષ્ણ – રુક્મિણીનો પુત્ર.

(3) इन्द्रजालकः (C) કામદેવ.

(4) प्रद्युम्नः (D) ભાટ ચારણ.

(5) श्रीपर्वतः (E) જાદુગર.

(6) नान्दीः (F) પૌરાણિક પવિત્ર પર્વત.

ઉત્તરઃ- **(1) – (C), (2) – (D), (3) –(E), (4)- (B), (5)-(F), (6)-(A).**

(1) નાટિકામાં અંકો. (A) આકસ્મિક સામ્ય બતાવવા.

(2) રત્નાવલીનો નાયક. (B) ઐન્દ્રજાલિક.

(3)રત્નાવલીનો મુખ્ય રસ. (C) ચાર.

(4) કથાસરિતસાગર. (D) ધીર લલિત.

(5)ઘુણાક્ષરન્યાય. (E) શૃંગાર.

(6)ચતુર્થઅંક. (F) સોમદેવ.

ઉત્તરઃ **(1) – (C), (2) – (D), (3) –(E), (4)- (F), (5)-(A), (6)-(B).**

વિદ્યાર્થી મિત્રો આ માત્ર દિશાસૂચન રૂપ જ છે. આ જ પ્રશ્નો પરીક્ષામાં પૂછાય તે જરૂરી નથી. પરંતુ આ પ્રશ્નોને સમજી લેશો તો પરીક્ષામાં તમને સાનુકૂળતા થઈ રહેશે એ ચોક્કસ છે.

**All the Best and Best of Luck............**